# પ્રેસ નોટ

## નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે તા.૨૩/૦૬/૨૦૨૪




**સુરત મહાનગરપાલિકા દ્વારા સઘન બાળલકવા નાબુદી અભિયાનના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૫,૩૦,૬૨૭ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી.**

બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસ તા. ૨૩/૦૬/૨૦૨૪ રવિવારના રોજ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૩૨૩૪ રસીકરણ બુથ તથા મોબાઈલ–ટ્રાન્ઝીટ–રીઝર્વ ટીમ મળી કુલ–૩૬૦૪ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારત દેશમાં જાન્યુઆરી–૨૦૧૧માં જયારે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯માં નોંધાયો હતો, ત્યારબાદ આજ દિન સુધી બાળલકવાનો એક પણ પોઝીટીવ કેસ જણાયો નથી.

આજ રોજ દરેક ઝોનમાં ધારાસભ્યશ્રી તથા સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રી/મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને અધિકારીઓ મારફતે પોલીયોની રસી પીવડાવી આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

જે અંતર્ગત **કતારગામ ઝોન**ના રેલરાહત કોલોની આગણવાડી ખાતે માનનીય મેયરશ્રી દક્ષેશભાઈ કિશોરભાઈ માવાણી, સંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી સોનલબેન સંજયભાઈ દેસાઈ, ઉદ્યાન સમિતિના અધ્યક્ષશ્રી ગીતાબેન જીતેન્દ્રભાઈ સોલંકી, લાઈટ એન્ડ ફાયર સમિતિ અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ પાંડવ, સ્ટેન્ડીન્ગ સમિતિ સભ્યશ્રી જીતેન્દ્રભાઈ સોલંકી તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **સેન્ટ્રલ ઝોન**ના કડીવાલા એન્ડ બુન્કી અર્બન હેલ્થ સેન્ટર એન્ડ મેટરનીટી હોમ ખાતે માનનીય ધારાસભ્યશ્રી અરવિંદભાઈ શાંતિલાલ રાણા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષશ્રી રેશમાબેન રૂપેશભાઈ લાપસીવાલા, શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેનશ્રી રંજનબેન ગોસ્વામી તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **વરાછા ઝોન–એ**ના

હિરાબાગ અર્બન હેલ્થ સેન્ટર ખાતે માનનીય ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, વરાછા હેલ્થ સેન્ટર ખાતે ધારાસભ્યશ્રી કાંતિભાઈ બલર તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ , મગોબ હેલ્થ સેન્ટર ખાતે રુગ્ણાલયો–વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી મનિષાબેન આહિર તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, પુણા હેલ્થ સેન્ટર ખાતે માનનીય નેતાશ્રી વિરોધ પક્ષ પાયલબેન કિશોરભાઈ સાકરીયા તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **વરાછા ઝોન–બી**ના સરથાણા હેલ્થ સેન્ટર ખાતે સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **રાંદેર ઝોન**ના પાલ શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે દંડકશ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, ડ્રેનેજ સમિતિ અધ્યક્ષશ્રી કેયુરભાઈ ચપટવાલા તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **લિંબાયત ઝોન**ના ગોડાદરા હેલ્થ સેન્ટર ખાતે માનનીય ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, માનનીય ડે.મેયરશ્રી ડો.નરેન્દ્ર પાટીલ તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, પ્રિયંકા આંગણવાડી ખાતે માનનીય નેતાશ્રી શાસક પક્ષ શશીબેન ત્રિપાઠી તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **ઉધના ઝોન–એ**ના વિજયાનગર શેહરી આરોગ્યકેન્દ્ર ખાતે માનનીય ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, જાહેરપરિવહન પ્રવુતિ સમિતિ અધ્યક્ષશ્રી સોમનાથ રઘુનાથ મરાઠે, સ્થાયી સમિતિ સદસ્યશ્રી ડૉ. દિનાનાથ મહાજન તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **ઉધના ઝોન–બી** ખાતે લાઈટ એન્ડ ફાયર સમિતિ અધ્યક્ષશ્રી ચિરાગભાઈ હરીશચંદ્ર સોલંકી તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, **અઠવા ઝોન**ના આદર્શ પછાતવર્ગ આંગણવાડી ખાતે વાઈસ ચેરમેનશ્રી હોસ્પિટલ સમિતિ કૈલાશબેન જીતેશભાઈ સોલંકી , વાઈસ ચેરમેનશ્રી નગર નિયોજન સમિતિ ઉષાબેન રાજેન્દ્ર પટેલ, ગુહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ સભ્યશ્રી વ્રજેશભાઈ ભરતભાઈ ઉનડકટ તથા સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ દ્વારા ભૂલકાઓને પોલીયોની રસીના ટીપા પીવડાવી સદર અભિયાનનનો શુભારંભ કરાવવામાં આવ્યો.આ પ્રસંગે આરોગ્ય અધિકારીશ્રી તથા સુરત મહાનગરપાલિકાના અન્ય અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ પણ હાજર રહયા હતાં.

નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અન્વયે આરોગ્ય કાર્યક્રરો દ્વારા આજરોજ પ્રથમ દિવસે રસીકરણ બુથ ઉપર તથા તા.૨૪/૦૬/૨૦૨૪ થી તા.૨૬/૦૬/૨૦૨૪ ૩(ત્રણ) દિવસ દરમ્યાન ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે નિમિત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે પાંચ વર્ષ સુધીના **૫,૩૦,૬૨૭** બાળકોને પોલિયોનાં ડોઝ પીવડાવી કુલ **૭૭.૬૩ %** કામગીરી પ્રથમ દિવસના અંતે કરવામાં આવી હતી.

આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પ્રદિપભાઈ ઉમરીગર દ્વારા જણાવવામાં આવેલ કે આ કામગીરી માટે ૯ ઝોનના કુલ ૬૨ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર નિયત કરી ૩૬૦૪ ટીમો, ૫૨૦ સુપરવાઇઝરો, સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા અન્ય સંસ્થાઓના સ્ટુડન્ટો મળી કુલ– ૭૭૨૮ થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો. સુરત એરપોર્ટ, સુરત/ઉધના રેલ્વે સ્ટેશન, એસ.ટી.ડેપો, રેલ્વે પ્લેટફોર્મ, સ્થાનિક બસ ડેપો, નેચર પાર્ક, વિવિધ શોપીંગ મોલ તથા મેળા ખાતે બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત મોબાઈલ ટીમ તથા ટ્રાન્ઝીટ ટીમ દ્વારા સુરત શહેર પ્રવેશ પાસેનો વિસ્તાર, રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, કન્સ્ટ્રકશન સાઇટ, ઘર વિહોણા ફુટપાથ વાસીઓ, શાકભાજી માર્કેટ વિગેરેને પણ આવરી લેવામાં આવ્યા હતા.

માનનીય મેયરશ્રી દ્વારા નાગરિકોને આજરોજ પોલિયોની રસીથી વંચિત રહી ગયા હોય તેવા બાળકોને તા: ૨૪ (સોમવાર), તા: ૨૫ (મંગળવાર) તથા તા: ૨૬ (બુધવાર)ના રોજ મહાનગરપાલિકાના આરોગ્ય કાર્યકરો જયારે તમારા વિસ્તારમાં આવે ત્યારે પોલિયોની રસીના ડોઝ પીવડાવી લેવા અને બાળ લાકવા નાબુદી ઝુંબેશમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવે છે.

આરોગ્ય વિભાગ
સુરત મહાનગરપાલિકા